## ચાંદલિયો ઉગ્યો રે

(ફિલ્મઃ  રાણકદેવી)

આસો માસો શરદ પૂનમની રાત જો,
ચાંદલિયો ઉગ્યો રે સખી મારા ચોકમાં.
એની ચાંદનીમાં હું તો ઘેલી થાઉં રે.
સહિયર મોરી... ચાંદલિયો ઉગ્યો રે સખી મારા ચોકમાં.
આવો રે ચાંદલિયો મેં તો ભાળ્યો નો’તો,
એને ભાળું ને હૈયે હું હરખાઉં,
સહિયર મોરી... ચાંદલિયો ઉગ્યો રે સખી મારા ચોકમાં.
પગની પાનીએ મેલ્યો મેંદીનો રંગ છે,
લોચનમાં અંજન ને લહેરણિયું અંગ છે,
સહિયર મોરી... ચાંદલિયો ઉગ્યો રે સખી મારા ચોકમાં.
ફળિયાની વચ્ચે મેં તો ગરબો રે માંડયો,
ઢોલીડાએ થાપ દઇ તાલને જગાડયો.
પગે ઠેસ દઇ ઝાંઝર ઝમકાવું રે.
સહિયર મોરી... ચાંદલિયો ઉગ્યો રે સખી મારા ચોકમાં.
આસો માસો શરદ પૂનમની રાત જો,
ચાંદલિયો ઉગ્યો રે સખી મારા ચોકમાં.

------